EDII

Divya Bhaskar

October 18, 2019
Page No. 6

# ફેશન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ ડિસેમ્બરથી શરૂ

## બે મહિનાના કોર્સમાં 8 દિવસના વર્ગ હશે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ઈડીઆઈએ (આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)એ ફેશન આંત્રપ્રિન્સોરશિપ પ્રોગ્રામ (એફઈપી) લોન્ચ કર્યો છે, જેમાં ક્રિએટીવ ઈન્ડસ્ટ્રીઝ, ફેશન, આર્ટ, ડિઝાઈન અને ડિજિટલાઈઝેશન સહિતની બાબતોને આવરી લેવામાં આવશે.

ડિસેમ્બર 2019થી શરૂ થતા અને ફેબ્રુઆરી 2020 સુધીમાં ચાલનારો આ કોર્સ આશરે બે મહિના માટેના કોર્સમાં કુલ 8 દિવસના વર્ગોનો સમાવેશ કરવામાં આવશે.

વુમેન્સ અને મેન્સ ફેશન, લક્ઝરી, મર્કેન્ડાઈઝ, ડિજિટલ ઈકોમર્સ તેમજ લેધર ઉત્પાદનો, ફૂટવેર, પરફ્યૂમ્સ તથા કોસ્મેટિક્સ, જ્વેલરી, ડિઝાઈન ફર્નિચર, ઘરેલુ ઉત્પાદનોને આવરી લેવામાં આવશે.

આ પ્રોગ્રામમાં સ્ટાર્ટ અપ ઉત્પાદનોનો વિકાસ, કસ્મટર બેઝની રચના કરવી, કિંમત સંશોધન બજાર વ્યૂહ રચના વિકસાવવી, કારોબોરી મોડેલની રચના કરવી, સ્ટડી પીચ ટેબલની રચના કરવી.

ફેશન ડિઝાઈનમાં પોતાની બ્રાન્ડનું નિર્માણ કરવા માંગતા ઉદ્યોગ સાહસિકોએ આ કોર્સને તૈયાર કર્યો છે. ઈડીઆઈના સિનિયર ફેકલ્ટી ડો. સંજય પાલે કહ્યું છે કે, 'આ કોર્સમા ઉદ્યોગ સાહસિકોના પોશાકો, એક્સસરી અંગે ખ્યાલ આપવા,, ધિરાણ, સફળ ફેશન કારોબારને ખોલવા તથા સંચાલન કરવાની બાબબત શીખવા માટેની તાલીમ આપવામાં આવે છે